આજનું ભારત વડાપ્રધાન નરેન્દ્ર મોદી નેતૃત્ત્વનું સંભવિતપણે સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે. વડાપ્રધાને ભારતમાં સમવાયતંત્રના હેતુને ઉત્તેજન આપ્યું છે. તેઓ સત્તાના અવરોહણમાં માને છે અને રાજ્યોને શક્ય હોય ત્યાં સુધી તેમની રીતે કામ કરવા દે છે. તેમના ખુદમાં શબ્દોમાં કહીએ તો તમામ રાજ્યો ટીમ ઇન્ડિયાનો એક ભાગ છે અને તેઓ એક ગૌરવશાળી અને આત્મવિશ્વાસુ રાષ્ટ્રના વિકાસની દિશામાં કામ કરી રહ્યાં છે. આ કક્ષાના નેતા રાહ ચીંધી રહ્યાં હોય ત્યારે તમને કદાચ એવો વિચાર આવશે કે સમાજના અન્ય ક્ષેત્રો પણ સમવાયતંત્રના વિચારનો અમલ કરશે. પણ અફસોસની વાત છે કે આવું થયું નથી.

શ્રીનિવાસનની આગેવાની હેઠળ બીસીસીઆઇના અધિકારીઓ આ દૃષ્ટાંતને અનુસરવા ઇચ્છતા નથી, કારણ કે તેઓ ભારતીય ક્રિકેટમાં સંઘીય વ્યવસ્થા ધરાવતી દરેક વ્યક્તિને ચૂપ કરાવવા માટે પોતાના સર્વશ્રેષ્ટ પ્રયાસ કરી રહ્યાં છે. રાજસ્થાનને તમામ વય જૂથની તમામ સ્થાનિક સ્પર્ધામાંથી બાકાત રાખવાની તેમની સૂચિત યોજના એ આનું નવીનતમ ઉદાહરણ છે. હજુ થોડા સમય પૂર્વે બે વખત રણજી ચેમ્પિયન રહી ચૂકેલા  રાજસ્થાનને પ્રીમિયર ટુર્નામેન્ટમાં સ્થાન ન મળે તેની માત્ર કલ્પના કરી જુઓ. કેમ? આનું કારણ માત્ર એટલું કે તેમને પોતાના શાસક ચૂંટવા માટેની એક માન્ય ચૂંટણી પ્રક્રિયાનો સ્ટેટ એસોસિએશનનો વિચાર પસંદ પડ્યો નથી. શ્રીનિવાસનની જાગીરના  ગલિયારામાં એટલી હદે આનો ભય વ્યાપી ગયો છે કે  તેઓ રાજસ્થાનને તમામ વય જૂથની ટુર્નામેન્ટ્સમાંથી બાકાત રાખવાની હદે ચાલ્યાં ગયાં છે. હું ઇચ્છીશ કે તેઓ વડા પ્રધાન તરફ નજર કરે અને તેમનામાંથી કંઇક શીખે.

ભાજપ તમામ ૨૮ રાજ્ય અને છ કેન્દ્રશાસિત પ્રદેશોમાં સત્તા ધરાવતી નથી. પણ આનો મતલબ એવો નથી થતો કે વડા પ્રધાન ભાજપની સરકાર ન હોય એવા રાજ્યોની અવગણના કરી રહ્યાં છે. તેઓ રાષ્ટ્રના વડા પ્રધાન છે, તેવા સમયે તેઓનું આ પદ સમગ્ર ભારત માટે છે. તમને જ્યારે આ પદ મળે ત્યારે તમને શુદ્ર અભિગમ પોસાઇ શકે નહીં. પરંતુ શ્રી શ્રીનિવાસન આ રીતે વિચારતા નથી. શ્રીનિવાસન માટે, તેમની સામેના પક્ષે રહેલા લોકો વાસ્તવમાં તેમના વિરોધીઓ જ છે. ભારતને ક્રિકેટ રમનારું એક વધુ સારું રાષ્ટ્ર બનાવવા માટે એક ટીમ તરીકે તેઓ મળીને કામગીરી કરતા નથી. એકસંપ રહીને આપણે એક અજેય શક્તિ બની શકીએ છીએ, પણ જો આપણે વિભાજિત થઇ જઇશું તો આપણે વિવિધ સ્તરે માત્ર નિષ્ફળ જ રહીશું.

બીસીસીઆઇના પસંદગીકારોએ રાજસ્થાનના વર્તમાન ગૌરવ પંકજ સિંહની ઇંગ્લેન્ડ શ્રેણી માટે એક ટેસ્ટ બોલર તરીકે પસંદગી કરી છે. હાલની ઘડીએ આ એક અપવાદ છે, કારણ કે જ્યારે ઉચ્ચતમ સ્તરની તકોની વાત આવે ત્યારે

રાજસ્થાનના અન્ય પ્રતિભાવાન યુવકોને સમાન સ્તરના અવસરો મળતા નથી. આપણી પાસે રોબિન બિશ્ત હતો જેણે રણજી ટ્રોફીમાં રનનો ઢગ ખડકી દેતો હતો, પણ આજે તે ચિત્રમાં ક્યાંય નથી. રાજસ્થાન દેશની સર્વશ્રેષ્ઠ પ્રતિભાઓ પૈકીની અમુક ધરાવે છે, પરંતુ અવસર વિનાની પ્રતિભાનો કોઇ અર્થ નથી.

રાજસ્થાન એ પોતાના વિરોધીઓ દ્વારા 'ચલાવવામાં આવતા' સ્ટેટ એસોસિએશન પ્રત્યેની શ્રી શ્રીનિવાસનની સૂગનું માત્ર એક ઉદાહરણ છે. વાનખેડે સ્ટેડિયમ ટીવી પ્રોડક્શન માટે આદર્શ નથી એ વિશેના એક તાજા અહેવાલ તરફ નજર કરો. વર્લ્ડ કકપ ૨૦૧૧ ફાઇનલ, વર્લ્ડ કપ ૧૯૮૭ સેમી-ફાઇનલ અને વર્લ્ડ કપ ૧૯૯૬ની મેચ જેવી મોટી મેચો તથા સંખ્યાબંધ અન્ય મહત્ત્વપૂર્ણ ટેસ્ટ મેચીઝનું આયોજન જ્યાં થયેલું છે એ સ્ટેડિયમ એકાએક ખરાબ બની ગયું? જો તમે બહુ સ્માર્ટ હોવ તો શબ્દો પાછળ રહેલો ભેદ પારખી જવા વિનંતી છે. એક ડાયનેમિક અને દૂરંદેશીભર્યા નેતા એવા શ્રી શરદ પવાર સત્તામાં રહેલા અને ગાદી (તફાવત નોંધી લેજો કારણ કે આપણે જાણીએ છઈએ કે સત્તામાં કોણ છે, શ્રીનિવાસન સિવાય બીજુ કોણ હોય) પર રહેલા લોકોની સાથે બહુ હુંફાળા સંબંધ નથી.

શ્રીનિવાસન અને તેમના સાથીદારોના ગેરવહીવટના અન્ય એક ક્લાસિક ઉદાહરણ એવા બિહાર રાજ્ય તરફ નજર કરો. એક વખતે રણજી ટ્રોફીનું સમર્થક અને પૂર્ણ કક્ષાનું સદસ્ય એવું આ રાજ્ય પેરેન્ટ બોડીમાં પુનઃ પ્રવેશ મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. શા માટે? કારણ કે આ રાજ્યને વિભાજિત કરીને ઝારખંડનું સર્જન થયું, ત્યારે બિહારની અવગણના કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ છે કે નવા રાજ્ય ઝારખંડને પ્રવેશ અપાયો હતો, બિહારને નહીં. શ્રીનવાસન અને તેના સાથીઓની નિર્ણય પ્રક્રિયાના અભાવના પરિણામ તરીકે બિહાર આજે સંઘર્ષ કરી રહ્યું છે. આજે આપણી પાસે અહીંતહીં ભાગદોડ કરતા આદિત્ય વર્મા જેવા સમર્થ વહીવટકર્તા છે, પણ તેમના બિહાર રાજ્યની રજૂઆતો શ્રીનિવાસન અને તેમના સાથીઓના કાનો સુધી પહોંચતી નથી.

મને ચિંતા છે કે જો લાંબા ગાળા સુધી આ પ્રવાહ જળવાઇ રહ્યો તો આપણે દેશના આંતરરિયાળ વિસ્તારોમાં મોટી સંખ્યામાં ઉપલબ્ધ એવા સંખ્યાબંધ પ્રતિભાવાન ખેલાડીઓને ખોઇ બેસીશું. આપણે આ કઠોરતાને જેટલી ચાલવા દઇશું, એટલાં વધારે આપણે ક્રિકેટ રમનારા એક મહાન રાષ્ટ્ર બનવાથી દૂર ચાલ્યાં જઇશું. આખરે શ્રીનિવાસને એ યાદ રાખવાની જરૂર છે કે તેઓ અહીં આ રમતના કારણે જ છે, બીજા કશા માટે નહીં. ત્રણ વર્ષ દરમિયાન ડંકન ફ્લેચરની પાંખો કાપવા માટે શ્રીનિવાસનને એક નહીં પણ ઇંગ્લેન્ડની બે ટુરનો સમય લાગ્યો હતો. નવાઇની વાત એ છે કે આંખો બંધ કરીને શ્રીનિવાસનને અનુસરવાની મુર્ખતાનું ભાન થવા માટે અન્ય લોકોને બીજી કેટલી દુર્ઘટનાઓની આવશ્યક્તા છે?

આપણે સહુ અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જેમ એક ટીમ ઇન્ડિયાનું નિર્માણ કરવા માટે છીએ. પણ જો આપણે એકજૂટ રહેવામાં નિષ્ફળ રહીશું, તો આપણે ઇંગ્લેન્ડમાં હાલ ચાલી રહેલી સિરીઝમાં કર્યો એવો સંઘર્ષ કરતા રહીશું. પણ શું કોઇ સાંભળે છે ખરું ?